

# શાર્કટેન્ક કે શાકમાર્કેટ?

**અપકમિંગ**

માસ્ટર સેફ, ઈન્ડિયન આઈડલ, બિગબોસ, ઈન્ડીયાઝ ગોટ ટેલેન્ટ, ખતરોં કે ખિલાડી જેવા ઘણા રિયાલિટી શો જે બહારના દેશોમાં લોકપ્રિય હતા, એમના ટેલીવિઝન પર તે શો જોવાતા તેને અહીંયા લાવવામાં આવ્યા અને લોકોને ખુબ પસંદ પડ્યા. શાર્ક ટેન્ક પણ એવો જ એક શો છે, જેમાં કન્ટેસ્ટન્ટ પોતાના સ્ટાર્ટઅપ માટે શાર્ક (જજ) પાસે આવે છે અને પોતાના સ્ટાર્ટાપ આઈડીઆ પીચ કરે છે અને બદલામાં ઈન્વેસ્ટમેન્ટ મેળવે છે (અને ગ્રાહક પણ) આવો ખૂબ લોકપ્રિય બિઝનેસ રિયાલિટી શો, શાર્ક ટેન્ક ઈન્ડિયા તેની ચોથી સિઝનમાં નવા ટ્વિસ્ટ સાથે ફરી આવી રહ્યો છે. આ વખતે શો 6 જાન્યુઆરી, 2025થી ફક્ત OTT પ્લેટફોર્મ Sony LIV પર રીલિઝ થશે, સોમવારથી શુક્રવાર રાત્રે 8 વાગ્યે આ એપિસોડ સ્ટ્રીમ થશે. આ સિઝનમાં શાર્ક ટેન્કનાં ફેન્સને પોતાનાં અવનવા બિઝનેસ આઈડિઆઝ સાથે નવી પિચો જોવા મળશે. શોમાં જજિંગ પેનલ જૂની જ છે. તેમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન આશિષ સોલંકી અને સોશિયલ મીડિયા પર્સનાલિટી સાહિબા બાલી હોસ્ટ કરશે.

બિગબોસ કે KBCની જેમ જ આ શોની યંગસ્ટર્સ પર ખુબ અસર થઈ છે. ઈન્ડિયન આઈડલના એક એપિસોડ જોઈ ગાયક બનવાનું સપનું જોતા યંગસ્ટર્સ શાર્કટેન્કના એપિસોડથી પ્રેરિત થઈ આંત્રપ્રિન્યોર બનવાની પ્રેરણા મળે તે શક્ય છે. આ શો ખુબ જોવાય છે. તેના મિમ બનવા અને યંગસ્ટર્સ માટેનાં અવનવા પ્રોડક્ટ ખાસ જોવા મળે છે! આ વાત શોનાં મેકર્સ સારી રીતે જાણે છે અને એટલે જ આ શો હવે બિઝનેસ આઈડિઆ શેર કરવાથી દૂર યંગસ્ટર્સ માટેનો એન્ટરટેઈનમેન્ટ શો વધારે બની ચુક્યો છે. આ સિઝનમાં સોશ્યલ મીડિયામાં ખુબ ફેમસ યુટ્યુબર ગૌરવ તનેજા પણ આવી રહ્યા છે, જેમાં તે પોતાનું ફિટનેસ બ્રાન્ડ સ્ટાર્ટઅપ, 'બીસ્ટ લાઈફ' પ્રેઝન્ટ કરશે. શોમાં જુના શાર્કની સાથે પેનલમાં બે નવા ચહેરા પણ ઉમેરાયા છે. સ્નેપડીલ અને ટાઈટન કેપિટલના કુણાલ બહલ અને વીબા કન્ઝ્યુમરનાં વિરાજ બહલ. શોમાં કન્ટેસ્ટન્ટ તેની પ્રોડકટની સાથે જજ પણ ખુબ ફેમસ થયા છે. અમન ગુપ્તા, નમિતા થાપર, પીયુષ બંસલ, અનુપમ મિત્તલ, વિનીતા સિંઘ, અઝહર ઈકબાલ, રિતેશ અગ્રવાલ, વરુણ દુઆ શાર્ક તરીકે દેખાય છે. સાથે આ સિઝનમાં જુના જજ અમિત જૈન, દીપેન્દ્ર ગોયલ, રાધિકા ગુપ્તા અને રોની સ્ક્રુવાલા જોવા નહી મળે. પાછલી દરેક સિઝનથી તેમાં એન્ટરટેઈન્મેન્ટનું પ્રમાણ વધતું ગયું છે, જોવું રહ્યું આ સિઝન શાર્કટેન્ક રહે છે કે શાક માર્કેટ..

> **શોનાં મેકર્સ સારી રીતે જાણે છે અને એટલે જ આ શો હવે બિઝનેસ આઈડિઆ શેર કરવાથી દૂર યંગસ્ટર્સ માટેનો એન્ટરટેઈનમેન્ટ શો વધારે બની ચુક્યો છે**

**શો-બાજ**

# રાધિકા.. તુમ કહાં?



જેમ શર્મિલા ટાગોર હતા, આશા પારેખ હતા, વિદ્યા સિન્હા, જુહી ચાવલા... ઉદાહરણો ઘણા છે, જે તે બૉલીવુડનાં સમયકાળમાં દરેકને પોતપોતાની એવી હીરોઈન બની છે જે તેના રંગ, રૂપ અને એક્ટિંગ પાછળ ફેન્સ દ્વાના હતા. ફિલ્મો પણ એટલી જ સારી કરી છે, નવી વાર્તા, નવા પાત્રો, નવા ડિરેક્ટર લોકો સામે લાવ્યા. આ અભિનેત્રીઓ ક્લાસ-માસ બધાની મનગમતી, મેઈનસ્ટ્રીમની ટોચ પર પહોંચી, પણ રહી ના શકી! જ્યારે ભારતમાં OTT પ્લેટફોર્મ્સ આવ્યા ત્યારે આ વ્યાખ્યામાં આવનારી અભિનેત્રી હતી રાધિકા આપ્ટે.

એક સમયે, એક પછી એક લાઈનસર ફિલ્મોમાં દેખાતી રાધિકા હાલ ઘણા સમયથી પરદા પર જોવા મળી નથી. જોકે એનું કારણ પણ તેણે હમણાં સોશ્યલ મીડિયા પર અપલોડ કરી દીધું છે. દિપીકા, રિચા, યામી ગૌતમ, અનુષ્કા શર્માની જેમ આ વર્ષે 2024માં થોડાં સમય પહેલા જ રાધિકા મમ્મી બની છે. 2024માં કોઈ ફિલ્મમાં દેખાઈ નથી, હા મૅરી ક્રિસમસમાં તે હતી પણ એ ખુબ નાનકડા રોલમાં કેમિયો જ હતો. આ વર્ષે અન્ય બે ફિલ્મોમાં પણ તે દેખાઈ હતી, જોકે તે ફિલ્મ ફેસ્ટિવલમાં જ રિલીઝ થવાને લીધે તેના ફેન્સ તે ફિલ્મને હજી જોઈ શક્યા નથી. બૉલીવુડમાં હીરોઈનોના ભાગે 2 વાર ચેલેન્જ આવે છે. એક લગ્ન થયા બાદ અને બીજી વાર પ્રેગ્નેટ થયા બાદ. તેમને લગ્ન પહેલા જે રોલ મળતાં, તે લગ્ન પછી ન મળે, અથવા હીરોઈનો એ રોલ કરવા રાજી ન થતી તેવા કિસ્સાઓ હતા, પણ રાધિકાનાં કિસ્સામાં એવું ન હતું. તેણે તેના પતિ બેન્ડિક્ટ સાથે 2012માં જ લગ્ન કરી લીધા હતા! જોકે આ વાત લોકોને (મીડિયાને) થોડા સમય પહેલા જ જાણ થઈ હતી. એટલે તેના કામ વચ્ચે તેના લગ્ન આડા નહોતા આવ્યા. વધારેમાં તેનું લગ્ન થયા પછી જ રાધિકા ઈન્ડસ્ટ્રીમાં વધારે કામ કરતી થઈ હતી. બાકી તેણે 2010માં રક્તચરિત્ર કર્યા બાદ મુંબઈ છોડી લંડન જઈ ચુકી હતી અને 2012માં ફરી ઈન્ડિયા આવી., ફિલ્મમાં પોતાનો પાવર બતાવ્યો. એક સમયે તો તે એક સાથે તમિલ, તેલગુ, બાંગ્લા, હિન્દી, મરાઠી અને અંગ્રેજી એમ 6 ભાષાની ફિલ્મોમાં એક સાથે કામ કરવા લાગી હતી. અને જ્યારે OTT પ્લેટફોર્મ્સ આવ્યા ત્યારે બીજી કોઈ હિરોઈન વિચારે તે પહેલા તો તે એટલી બધી વેબસિરીઝમાં દેખાઈ ચુકી હતી કે એક વાર તો નેટફ્લિક્સ ઈન્ડિયા એ જ પોતાનું નામ બદલીને 'Just Another @radhikaofficial fan account' (વધુ એક રાધિકા આપ્ટે ફેન પેજ) કરી દીધું હતું!

2015 થી 2022 વચ્ચે એવેરેજ 6 જેટલી ફિલ્મ કે વેબસિરીઝમાં તે વર્ષે દેખાતી જ હતી! હવે તેણે બ્રેક લીધો છે. હમણાં પોતાના સોશ્યલમીડિયા પર તેણે ફરી કામ શરુ કરી દીધું છે, તે ફોટો પોસ્ટ કર્યો હતો. એટલે તે ફરી કામ કરવા તૈયાર હોવાની વાત જણાવી દીધી છે. પરંતુ હવે તેને પહેલા જેવા કિરદાર મળે છે કે નહિ તે જોવું જરૂરી હશે. તેની અલગ અલગ 3 ફિલ્મ બની રહી છે. જે 2025માં રિલીઝ થઈ શકે છે. OTT પર તેની જગ્યા લેવા ઘણી બીજી અભિનેત્રીઓ આવી ચુકી છે, સામે રાધિકા પાસે એક્ટિંગની ખૂબી ભરપૂર છે. રાધિકા તેની આ નવી ઈનિંગમાં કેટલી ફિલ્મો કરશે તે જોતા રહીશું.

> **2015 થી 2022 વચ્ચે એવેરેજ 6 જેટલી ફિલ્મ કે વેબસિરીઝમાં તે વર્ષે દેખાતી જ હતી! હમણાં પોતાના સોશ્યલમીડિયા પર તેણે ફરી કામ શરુ કરી દીધું છે, તે ફોટો પોસ્ટ કર્યો હતો. એટલે તે ફરી કામ કરવા તૈયાર હોવાની વાત જણાવી દીધી છે**

# 2025માં હું એક્ટિંગમાં કંઈક અલગ પ્રયોગ કરવા માંગુ છું: ભાવિની ગાંધી

**જાણીતી અને પ્રતિભાશાળી અદાકારા અભિનેત્રી ભાવિની ગાંધી હાલ તેમની આગામી ફિલ્મ 'જલેબી રોક્સ' તેમજ 'કુંડી'ને લઇને ખૂબ જ ચર્ચામાં છે. આ સિવાય તેઓ માધુરી દીક્ષિત, રાજકુમાર રાવ સાથે કોમર્શિયલ એડવર્ટાઇઝમેન્ટમાં પણ નજરે આવી હતી. હાલમાં તેમની સાથે થયેલ વાતચીત દરમિયાન 2025 ના પ્લાનિંગ વિશે, અને બીજી ઘણી બધી રસપ્રદ વાતો શેર કરી હતી. સાથે છે પણ અમુક બાબતો જણાવી હતી.**

**ફેસ ટુ ફેસ**
**-દિનેશ ઝાલા**



### 2024 તમારા માટે કેવું રહ્યું અને તમે કઈ સિદ્ધિઓ હાંસલ કરી?

વર્ષ 2024 મારા માટે ખૂબ જ સુંદર રહ્યું કારણ કે મેં વર્ષની શરૂઆતમાં જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરી દીધું હતું. હું નેપાળથી આવી તે જ દિવસે મને શૂટિંગની ઓફર મળી અને મેં વર્ષની શરૂઆતમાં જ કામ કરવાનું શરૂ કર્યું. મને કોમર્શિયલ જાહેરાતો માટે ઘણી બધી ઑફર્સ મળી રહી હતી, તેથી મેં તેના પર વધુ ધ્યાન આપવાનું શરૂ કર્યું. એડ્સની સાથે મેં 2024માં ઘણી સિરિયલો અને ગુજરાતી ફિલ્મો પણ કરી છે. મેં શિલ્પા શેટ્ટી, રાજકુમાર રાવ જેવી હસ્તીઓ સાથે ઘણી એડ્સ કરી. આ સિવાય મેં ઘણાં કલાકારો સાથે જાહેરાતો કરી છે. હવે હું કંઈક અલગ પ્રયોગ કરવા માંગુ છું!

### તમે કઈ અભિનેતા કે અભિનેત્રીથી પ્રેરિત છો?

હું માધુરી દીક્ષિતથી ખૂબ જ પ્રેરિત છું કારણ કે હું તેના ઘણા વીડિયો જોઉં છું. જ્યારે હું અભિનય કારકિર્દીમાં આવી અને હું એક્ટિંગ શીખવા માંગતી હતી, ત્યારે મેં તેના વીડિયો જોયા. આ સિવાય શ્રીદેવી છે જેમના વીડિયો અને એક્ટિંગ જોઈને મને ઘણું શીખવા મળ્યું છે!

### બાળપણથી જ અભિનેત્રી બનવાનું સપનું જોયું હતું? અને તમે અભિનય ક્ષેત્રમાં કેવી રીતે આવ્યાં?

મારા મનમાં એવો વિચાર પણ નહોતો કે એક દિવસ હું અભિનેત્રી બનીશ. હું મોડલ બનવા માંગતી હતી. મેં ક્યાંક ફેશન શો પણ કર્યા છે. હું મિસ ગુજરાતી રહી છું. મૉડલિંગ કરતી વખતે મને સમજાયું કે તમે મૉડલિંગની સાથે ઍક્ટિંગ પણ કરી શકો છો. પછી મેં મૉડલિંગની સાથે ઍક્ટિંગ પણ કરવાનું શરૂ કર્યું!

### ક્યા અભિનેતા છે જેની સાથે તમે સ્ક્રીન શેર કરવા માંગો છો?

ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હિતેન કુમાર છે જેની સાથે મારે સ્ક્રીન શેર કરવી છે. હિતેન કુમાર એક અદ્ભુત કલાકાર છે. તેમને સાંભળવાથી હકારાત્મકતા આવે છે. હું હિતેન કુમારને ઘણી વખત મળી છું પરંતુ મને લાગે છે કે આ કલાકારો સાથે કામ કરવું જોઈએ. જો કે તમે ઘણાં કલાકારોને મળો છો, પરંતુ કેટલાંક લોકો સાથે કામ કરવું સારું છે જે તમારા માટે પ્રેરણા બની શકે છે અને અન્ય કલાકારો તેમની પાસેથી કંઈક શીખી શકે છે!

### 2025 માં તમારા આગામી પ્રોજેક્ટ્સ શું છે?

મારી એક ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીમાં શરૂ થવાનું છે. અમે અત્યારે તેના વિશે વિગતવાર વાત કરી શકીએ તેમ નથી અને મેં આ ફિલ્મોમાં જે પ્રકારનું પાત્ર ભજવ્યું છે તેવું મેં ક્યારેય ભજવ્યું નથી અને હું ફિલ્મોમાં અલગ અવતારમાં જોવા મળીશ.બીજી ફિલ્મનું નામ છે 'જલેબી રોક્સ' જેમાં મારો મહત્ત્વનો રોલ છે, જે 25 માર્ચે રિલીઝ થશે અને ત્રીજી ફિલ્મ છે જેનું નામ છે 'કુંડી', આ પણ એક ખૂબ જ સુંદર વાર્તા પર આધારિત એક ગુજરાતી ફિલ્મ છે, તે પણ 2025 માં રિલીઝ થવા જઈ રહી છે અને હજુ સારી ફિલ્મોની ઑફર આવે છે!

# HOLLYWOOD News

## આ સ્ટારકિડ હોલીવુડની ફેમથી દૂર રહેવા માંગે છે!

નેપોટિઝમ ફક્ત ભારતમાં જ છે તેવું નથી MeToo જેમ અહીં હતું, તેમ નેપોટિઝમ પણ ત્યાં છે. 25 વર્ષની મોડેલ, એક્ટ્રેસ નામ લીલી રોઝ ડેપ, તેને પણ આ ઓળખ મળી છે. પિતાનું નામ છે જ્હૉની ડૅપ, તેની 4 સાથીઓમાંથી જ્હૉની જેની સાથે સૌથી લાંબા સમય સુધી રહ્યો તેવી ફ્રેન્ચ મોડેલ અને સિંગર વેનેસા પેરૅડાઈસની દીકરી છે લીલી રોઝ ડૅપ. મજાની વાત એ છે જ્હોની, વેનેસા સાથે 12 વર્ષ રહ્યો છતાં બંને પરણ્યા નહિ! ખેર લીલી પર આ નેપોટિઝમને કારણે આગળ આવી હોવાનું ટેગ લાગેલું છે. છેક 2014માં જ્યારે તે 15 વર્ષની હતી ત્યારથી તે આ ફિલ્ડમાં છે. 'ટસ્ક' નામની ફિલ્મથી તે સ્ક્રિન પર દેખાઈ હતી. જાણીતી મૉડેલ પણ છે. અત્યાર સુધી તે 15 જેટલા પ્રજેક્ટ્સમાં દેખાઈ ચુકી છે. અને હમણાં ન્યૂયર પર આવેલી તેની 1992ની સાઈલન્ટ ફિલ્મ 'નોસફરાટુ'ની રિમેક આવી છે, તેના ઈન્ટરવ્યૂમાં તેણે કહ્યું કે ''હું આ



હૉલીવુડની ફૅમથી દૂર રહેવા ચાહું છું! કારણ કે એ ફેમથી તેની ઈમેજ પર અસર પડે છે અને તે જે કેરેક્ટર ભજવે છે તેમાં લીલીનું કેરેક્ટર તેમને દેખાય તેવું એ નથી માંગતી!'' ટૂંકમાં લીલી આ ફેમ એટલે અવોઈડ કરી રહી છે કારણકે તેને રિયલ ફેમ જોઈએ છે! જો તમે જ્હોની ડૅપના ફેન હોવ અને તેની દીકરીને પણ સ્ક્રિન પર જોવા માંગતા હોવ તો ધી ફેથફુલ મેન, સાઈલેન્ટ નાઈટ, ધી કિંગ જેવી ફિલ્મોમાં તમે લીલી રોઝ ડૅપની એક્ટિંગ જોઈ શકો છો.

## જો આર્નોલ્ડ માર્વેલ યુનિવર્સમાં જોવા મળે તો?

આ હેડલાઈન વાંચીને ટર્મિનેટરમાં એક્શન કરતા જોયેલા આર્નોલ્ડના ફેન્સ ખુશ થઈ ગયા હશે, હવે આર્નોલ્ડ માર્વેલ સિનેમેટિક યુનિવર્સમાં દેખાશે. તમને સવાલ થશે કે કયા રોલમાં જોવા મળશે? તો એની માટે તો આર્નોલ્ડ પણ હજી ચિંતામાં છે, હાલ એક ઈન્ટરવ્યૂમાં આર્નોલ્ડ ગયો હતો ત્યાં તેને આ સવાલ પૂછવામાં આવ્યો હતો, શુ તમને માર્વેલમાં જોડાવવું ગમશે? ત્યારે તેણે કહ્યું હતું 'હા, મને માર્વેલ યુનિવર્સ જોઈન કરવું ગમશે પણ જો સારો રોલ મળે તો જ! હવે એ રોલ વિલન હશે કે હીરો હશે? માર્વેલ પહેલા આર્નોલ્ડને ટર્મિનેટરમાં હીરો તરીકે ફાઈટ કરતા જોવાની મજા હજી યાદ હશે, 77ની ઉંમરે પહોંચેલા આર્નોલ્ડ હવે એક્શન હીરો તરીકે જોવા ગમશે? એમ તો આર્નોલ્ડની દીકરી કેથરીન માર્વેલ યુનિવર્સના એક સુપરહીરો સ્ટાર લોર્ડ પીટર કેવિલ એક્ટર ક્રિસ પ્રૅટને પરણી છે. આ બંને સાથે જોવા મળે તે પણ બની શકે છે!

